


અંક-૩
ખંડ-૨
ફેબ્રુઆરી ૨૦૧૭

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


### અંદાજપત્ર અને કૃષિ

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી રાધા મોહન સિંહે જણાવ્યું હતું કે કૃષિ વિકાસ દરમાં ૨% થી ૪.૧% જેટલો વધારો થયો છે જે બતાવે છે કે આ સરકાર ખેડૂતો અને ખેતીની સુધારણા માટે ગંભીરતાપૂર્વક કામ કરે છે. આ બજેટમાં કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને આવતાં ૫ વર્ષમાં ખેડૂતની આવક બમણી કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા આ બજેટ હેઠળ કરવામાં આવી છે અને તે માટે મહત્વાકાંક્ષી યોજનાઓ બનાવી તે હાંસલ કરવામાં આવશે. રૂા.૯૦૦૦ કરોડ જેટલી માતબર રકમ ‘પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના’માં ફાળવવામાં આવી છે. જેનાથી ખેડૂતોને પાકને યોગ્ય સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે.

મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે આ બજેટ કૃષિ ક્ષેત્ર તેમજ ખેડૂતોને સુરક્ષા કવચ પૂરું પાડશે. સરકારે એક લાખ તળાવો બનાવવા માટેની યોજના પણ તૈયાર કરી છે અને આ એક પ્રંશસનીય પગલું છે. આ તળાવો દ્વારા સિંચાઈ અને મત્સ્ય ઉત્પાદનની સુવિધાઓ આપીને ખેડૂતોને તેમની આવક બમણી કરવામાં મદદ કરશે. અગાઉના વર્ષમાં ૫ લાખ તળાવો બાંધવામાં આવ્યા છે. ઉપરાંત, આ બજેટમાં મનરેગા મારફતે ૧૦૦ દિવસ રોજગાર પ્રદાન કરવાનો હેતુ છે જે એક અન્ય પ્રંશસનીય પગલું છે. પ્રતિ ટીપે વધુ પાકની યોજનાને પ્રોત્સાહન આપવા, તે વિસ્તારોમાં પણ સિંચાઈ આપવામાં આવશે કે જે અગાઉ લાંબા ગાળાની સિંચાઈ ફંડ હેઠળ આ સુવિધાથી વંચિત રહ્યાં હતા. તેના માટે પણ પાણી પૂરુ પાડવામાં આવશે. આ હેતુ માટે આ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭માં રૂા.૪૫,૨૫૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી હતી કે જે હવે ૧૫.૩૧% વધારીને વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂા.૫૧૨૦૬ કરોડ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ બજેટમાં નીચેની જોગવાઈઓને પ્રાધાન્ય આપ્યું છે.


➢ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અમલીકરણને વેગવંતી બનાવવામાં આવશે, આ વર્ષે આ યોજના હેઠળ ૪૦% કૃષિ વિસ્તાર લાવવામાં આવશે કે જે અગાઉના વર્ષે ૩૦% હતો. એ જ રીતે વર્ષ ૨૦૧૮-૧૯માં ૫૦% વધારો કરવામાં આવશે. ગત વર્ષના બજેટમાં રૂા.૫.૫ હજાર કરોડની જોગવાઈ કરી હતી તે આ વર્ષે બજેટમાં વધારી રૂા.૯૦૦૦ કરોડ કરશે. આ ઉપરાંત વધારાની રૂા.૭.૭ હજાર કરોડ જેટલી રકમ અગાઉના વર્ષની બાકી નીકળતી રકમ પેટે આ વર્ષે પૂરી પાડવામાં આવશે.

➢ **સોઇલ હેલ્થ કાર્ડ** - જમીન પરીક્ષણની પ્રાથમિક પ્રયોગશાળાના ૬૪૮ જેટલા ખેડૂત વિકાસ કેંદ્રોમાં સ્થાપિત કરવા માટેની એક




જોગવાઈ કરવામાં આવી છે. સ્થાનિક સાહસિકો દ્વારા ૧૦૦૦ પ્રયોગશાળા સક્રિય કરવામાં આવશે. આ હેતુ માટે સરકાર ધિરાણ સંબંધિત સબસિડી સ્વરૂપે સહાય પૂરી પાડશે.

➢ **E-NAM**– હાલમાં, **E-NAM** પ્લેટફોર્મ સાથે ૨૫૦ મંડી જોડાયેલ છે તેમાં ૫૮૫ મંડીઓને જોડવામાં આવશે. આ હેતુ માટે દરેક મંડી દીઠ રૂા.૭૫ લાખ સહાય પૂરી પાડવામાં આવશે. તેનાથી તેમની પાયાની માળખાકીય સુવિધાઓ જેવી કે માલનું




વર્ગીકરણ અને પેકિંગની સુવિધા ઉભી કરવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત, જે વસ્તુઓ નાશવંત છે તે વસ્તુઓનો મંડી એક્ટમાંથી બાકાત કરવા માટેનું સૂચન કરવામાં આવશે.

➢ **ડેરી** એ કૃષિ અર્થતંત્રનું એક અગ્રણી હિસ્સો છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન શ્વેતક્રાંતિ માટે રૂા.૧૧૩૬ કરોડ અંદાજપત્રીય જોગવાઈ હતી કે જે વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂા.૧૬૩૪ કરોડની જોગવાઈ



છે. આમ તેમાં ૪૩.૮% વધારો થયો છે. આ સાથે તેને ડેરી પ્રોસેસિંગ અને માળખાકીય ભંડોળ સાથે સુયોજિત કરવામાં આવશે. તદ્ઉપરાંત, 'ઓપરેશન ફ્લડ' હેઠળ જૂની દૂધ પ્રોસેસિંગ એકમોના આધુનિકીકરણ માટે રૂા.૮૦૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. આ કામગીરી ત્રણ વર્ષના સમયગાળાની અંદર પૂર્ણ થશે. શરૂઆતમાં તે રૂા.૨૦૦૦ કરોડ રકમની સાથે શરૂ કરવામાં આવશે.

| ઋતુ | પાક | ખેડૂત દ્વારા મહત્તમ વિમા પ્રિમિયમની ચૂકવણી (કુલ વિમા રકમના ટકા) |
|---|---|---|
| ખરીફ | ખાદ્ય, તેલીબિયાં પાક (બધા જ અનાજ, ધાન્ય, તેલિબિંયા, કઠોળ) | કુલ વીમા રકમના ૨.૦% અથવા વાસ્તવિક દર, બેમાંથી જે ઓછું હોય |
| રવિ | ખાદ્ય, તેલીબિયાં પાક (બધા જ અનાજ, ધાન્ય, તેલિબિંયા, કઠોળ) | કુલ વીમા રકમના ૧.૫% અથવા વાસ્તવિક દર, બેમાંથી જે ઓછું હોય |
| ખરીફ અને રવિ | વાર્ષિક રોકડીયા પાક/ વાર્ષિક બાગાયતી પાક | કુલ વીમા રકમના ૫.૦% અથવા વાસ્તવિક દર, બેમાંથી જે ઓછું હોય |

➢ નીલી ક્રાંતિને પણ સરકારે અગ્રિમતા આપી છે. તેથી અંદાજપત્રીય વર્ષ ૨૦૧૬-૧૭માં રૂા.૨૪૭ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. તેમાં ૬૨.૩૫% વધારા સાથે રૂા.૪૦૧ કરોડ કરવામાં આવી છે. મનરેગામાં ખાતરી આપવામાં આવી હતી કે ગ્રામીણ વિસ્તારોમાં પ્રવર્તતી દુષ્કાળની સમસ્યાઓનો સામનો કરવા માટે ગયા વર્ષ દરમિયાન ૫ લાખ તળાવો બાંધવામાં આવશે. આ વર્ષ દરમિયાન ૫ લાખ નવા તળાવો પણ બાંધવામાં આવશે.



➢ પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના માટેની રકમ રૂા.૫૧૮૯ કરોડ થી વધારી રૂા.૭૩૭૭ કરોડ કરવામાં આવી છે. નાબાર્ડના સહયોગથી ગયા વર્ષે લાંબા ગાળાના સિંચાઈ યોજના માટે રૂા.૨૦,૦૦૦ કરોડ ભંડોળ ઊભું કરવાની જોગવાઈ આ ઉપરાંત કરવામાં આવી હતી. તે ભંડોળને આ વર્ષે બમણું કરી રૂા.૪૦,૦૦૦ કરોડ કરવામાં આવશે.

➢ 'પ્રતિ બૂંદ વધુ પાક'ના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવા માટે સૂક્ષ્મ સિંચાઈ ભંડોળ હેઠળ રૂા.૫૦૦૦ કરોડ ઉભા કરવામાં આવશે.

➢ બજેટની અન્ય વિશેષતાઓઃ કુલ ધિરાણની રકમ કે જે અગાઉના વર્ષે રૂા.૯ લાખ કરોડ હતી તે આ વર્ષે વધારી રૂા.૧૦ લાખ કરવામાં આવી છે. આ સંદર્ભમાં ઓછી સિંચાઈ સુવિધા ધરાવતાં વિસ્તારોમાં, પૂર્વીય રાજ્યો અને જમ્મુ-કાશ્મીર માટે યોગ્ય પ્રયત્નો કરવામાં આવશે. આ ઉપરાંત, માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા અગાઉ કરવામાં આવેલ જાહેરાત મુજબ ધિરાણનાં વ્યાજ ચુકવણીની મયાદા પણ ૬૦ દિવસ માટે આપવામાં આવશે.




- સહકારી પ્રવૃતિઓ માટે નાબાર્ડ દ્વારા લગભગ ૬૩૦૦૦ પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓનું સંચાલન કરવામાં આવે છે તેને કોમ્પ્યુટરાઇઝડ કરવામાં આવશે. આ કામગીરી માટે રૂા.૧૯૦૦ કરોડની સહાય આપવામાં આવશે અને તેને ૩ વર્ષની અંદર જ પૂરુ કરવામાં આવશે.
- કૃષિ સંલગ્ન નીતિઓ બનાવવા અને સુધારાઓ લાવવા માટે આદર્શ કાયદાઓ ઘડવામાં આવશે.

## ખેડૂતો માટે સુવિધાઓ

દેશમાં પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે કૃષિ મંત્રાલયે અનેક યોજનાઓને કાર્યરત કરી છે, જેવી કે ચોખા, ઘઉં, કઠોળ, બાજરી જેવા ધાન્ય પાકો અને કપાસ, ક્ષણ, શેરડી, જેવા રોકડિયા પાકો માટે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મીશન; પૂર્વ ભારતમાં હરિયાળી ક્રાંતિની શરૂઆત, પાકની તરાહના પરિવર્તનના કાર્યક્રમો વગેરે. આ કાર્યક્રમોનાં ભાગરૂપે ખેડૂતોને આધુનિક ટેકનોલોજી સાથે ઉત્પાદન મેળવતા ખેડૂતોના નમૂનારૂપ ખેતરોનું પ્રદર્શન કરાવવામાં આવશે કે જ્યાં ખેડૂતો ટ્રેનીંગ મેળવીને ખેતી કરતા હોય છે. આ ટ્રેનીંગમાં પાકની સમયસર વાવણી, યોગ્ય બિયારણના દર અને ભલામણ કરેલ પાકોના પેકેજ વગેરેની ટ્રેનીંગ આપવામાં આવે છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મીશન અને પૂર્વ ભારતમાં હરિયાળી ક્રાંતિ હેઠળ જે વિસ્તારમાં ચોખા હતાં ત્યાં કઠોળનું વાવેતર કરવામાં આવતું હોય તેવી પાક પદ્ધતિના લગભગ ૩૦% જૂથ પ્રદર્શન દ્વારા કરવામાં આવશે. પ્રદર્શનમાં ભાગ લેતાં ખેડૂતોને સુધારેલા કે હાઈબ્રીડ બિયારણ, કૃષિ ઓજાર કે મશીન, પિયતના સાધનો, રસાયણિક પાક સંરક્ષણના સાધન, પાક સંરક્ષણ હેઠળ જૈવિક જંતુનાશક દવાઓ વગેરેની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. કઠોળનું ઉત્પાદન અને તેની ઉત્પાદકતા વધારવા માટે રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષા મીશન સહીત કૃષિ વિકાસ કેન્દ્રોએથી ખેડૂતોને મફત કઠોળના આધુનિક નવાં બિયારણની કીટ, સંવર્ધક, ફાઉન્ડેશન અને સર્ટીફાઈડના ગુણવત્તાયુક્ત બિયારણનું ઉત્પાદન કરવા માટે રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ (એસ.એ.યુ) અને કૃષિ વિકાસ કેન્દ્રોમાં બીજનું હબ બનાવવામાં આવશે, ઉપરાંત ત્યાં જૈવિક ખાતર અને જૈવિક એજન્ટની પ્રયોગશાળાઓ તૈયાર કરવામાં આવશે. કપાસ, ક્ષણ અને શેરડી જેવાં રોકડિયા પાકો માટે માન્યતા આપેલા રાજ્યોમાં પ્રાથમિક ધોરણે ટેકનોલોજી પરિવર્તન કરવાની દિશામાં પ્રયત્નો કરવામાં આવશે. તદઉપરાંત હરિયાળી ક્રાંતિની શરૂઆત કરનારા રાજ્યો જેવા કે, પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશ જ્યાં ડાંગરનો પાક મુખ્ય હતો ત્યાં ઓછા પિયતવાળા પાકો જેવાં કે તેલીબિયાં, કઠોળ, અન્ય પછાત ધાન્યો, કૃષિ જંગલપેદાશના પાકો તરફ વિસ્તારને વાળવામાં આવશે. તમાકુનું ઉત્પાદન કરતાં રાજ્યો જેવા કે આન્ધ્રપ્રદેશ, ગુજરાત, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઓરિસ્સા, તમિલનાડુ, તેલાંગણા, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ વગેરેમાં નવી પાકની તરાહ હેઠળ વૈકલ્પિક પાકો તરફ વાળવામાં આવશે.

૧) રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મીશન અને બીજીઆરઆઈ(BGRI) કાર્યક્રમો હેઠળ પૂર્વના રાજ્યોમાં હરિયાળી ક્રાંતિની યોજનાઓ હેઠળ ખેડૂતોને ચાર તબક્કાએ એક પાક પદ્ધતિ આધારિત તાલીમ આપવાની જોગવાઈ કરી છે. આ તાલીમ ખરીફ અને રવિ ઋતુ દરમ્યાન બે એમ કુલ ચાર તબક્કાએ આપવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થી કે ખેડૂતને પાક કે વિષયનાં નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવશે. આ નિષ્ણાતો ખાસ કરીને ICAR, SAUs, KVKs તથા અન્ય પાક સંરક્ષણ, સંવર્ધન કે પ્રાથમિક પ્રોસેસિંગ એકમો અને સ્ટોરેજ વિભાગનાં રહેશે. આ તાલીમ દરમિયાન ખેડૂતોને ઉચ્ચ ઉત્પાદન આપતી નવી બિયારણની જાતો અને પાકની વૈજ્ઞાનિક ઢબથી માહિતીગાર કરાવવામાં આવશે. આ તાલીમમાં પસંદ થયેલા ૩૦ તાલીમાર્થીઓ ચાર તબક્કામાં તાલીમ દરમ્યાન બદલાશે નહિ. આ તાલીમ માટે કેન્દ્ર રૂા.૧૪૦૦૦ પ્રતિ તાલીમ (તાલીમાર્થી દીઠ રૂા.૩૫૦૦) ની સહાય આપશે.

૨) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ 'પ્રતિ બૂંદ વધારે પાક'ના નારાનો ઉદ્દેશ પિયત પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવાનો છે. આ યોજનાના કેન્દ્ર સ્થાને ખેડૂત છે અને તે ચોકસાઈપૂર્વક સિંચાઈની ટેકનોલોજી અને સિંચાઈનાં પાણીનો યોગ્ય ઉપયોગ કરવા માટેની સહાયપૂરી પાડવાનો છે. આ યોજના માટે સરકારે ૫ વર્ષ (૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ ) દરમિયાન રૂા.૫૦ હજાર કરોડના ખર્ચની માન્યતા આપી છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન આ હેતુ માટે સંબંધિત દરેક મંત્રાલય અને વિભાગો માટે રૂા.૭૨૯૯ કરોડ આપવામાં આવ્યાં હતા.

૩) ૩૫ જેટલાં સંકલિત રોગ વ્યવસ્થાપન કેન્દ્રો દ્વારા સરકારે આધુનિક અને સશક્ત રોગ નિયંત્રણ અભિગમ અમલમાં મૂક્યો છે. તેનો ઉદ્દેશ સમગ્ર દેશમાં સશક્ત રીતે પાકમાં જોવાં મળતા

રોગોનું નિયંત્રણ કરવાનું છે. આ કેન્દ્રો જૈવિક એજન્ટ તૈયાર કરી ખેતરોમાં મુકવામાં આવશે. કુદરતી જૈવિક રોગ નિયંત્રણ, કીટકોનું રક્ષણ કરવું, રાસાયણિક રોગ પ્રતિકારક દવાઓના વપરાશની સામે જૈવિક રોગ પ્રતિકારક દવાઓનો વૈકલ્પિક ઉપયોગ કરાવવો. જરૂર પડે તો જ અંતિમ તબક્કાએ પાકનાં રોગોનાં નિવારણ માટે રાસાયણિક દવાઓનો ઉપયોગ કરવો. આવા કાર્યક્રમનો અમલ ખેડૂતોનાં ખેતરમાં શાળાઓ દ્વારા બે દિવસ અને પાંચ દિવસનાં તાલીમ કાર્યક્રમો અને ઋતુ દરમિયાન લાંબાગાળાના તાલીમ કાર્યક્રમો રાજ્ય કૃષિ વિસ્તરણ અધિકારીઓ દ્વારા આપવામાં આવે છે.

૪) વર્ષ ૨૦૧૪-૧૫ થી રાષ્ટ્રીય તેલીબીયાં અને ખાધતેલ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમની તમામ કામગીરીઓ રાજ્ય સરકાર કરે છે. આ કાર્યક્રમ અંતર્ગત ટેકનોલોજીના ઘટકોને બદલવા કે તબદીલ કરવા, ખેડૂતો અને તાલીમાર્થીઓનાં તાલીમ કાર્યક્રમો માટે સહાય આપવી, આ તાલીમનાં આધારે ખેડૂતો અને તાલીમાર્થીઓ રાષ્ટ્રીય તેલીબીયાં મિશનના મળતાં લાભો અને તેનાં વિષે પ્રશિક્ષિત કરવાનો છે. આ મિશન હેઠળ ત્રણ દિવસનાં તાલીમ માટે રૂ.૨૪૦૦૦ પ્રતિ તાલીમ અને ૨ દિવસનાં તાલીમ માટે રૂ.૩૬૦૦૦ પ્રતિ તાલીમ લેખે વિસ્તરણ અધિકારીઓને આપવામાં આવે છે.

૫) બાગાયતી પાકોમાં સફરજન સહિત શાકભાજીનું ઉત્પાદન અને ઉત્પાદકતામાં સુધારો કરવા માટે કાર્યરત તમામ યોજનાઓનું સંકલન સંકલિત બાગાયત વિકાસ મિશન યોજના હેઠળ કરવામાં આવ્યું છે. આ મિશનની જુદી-જુદી પ્રવૃત્તિઓ જેવી કે, વૃક્ષોનાં છોડનું ઉત્પાદન કરવું, શાકભાજીનાં બિયારણનું ઉત્પાદન કરવું, સંવર્ધિત વાવેતર વિસ્તાર વધારવો, બાગ-બગીચાનું પુનઃનવીનીકરણ કરવું, સંરક્ષિત ખેતી કરવી, સિંચાઈ માટે પાણીનાં સ્ત્રોતો ઉભા કરવાં, સંકલિત રોગોનું વ્યવસ્થાપન કરવું, સંકલિત પુષ્ટિકારક વ્યવસ્થાપન કરવું, જૈવિક નિક્ષેપોનાં મૂળ સ્થાનનું રક્ષણ કરવું, વગેરે બાગાયત વિભાગ દ્વારા કરવામાં આવે છે. સુધારેલી ટેકનોલોજીનો અમલ કરવા માટે ખેડૂતોને તેની ક્ષમતા અને તકનીકી જ્ઞાન વિકસાવવામાં મદદ કરવામાં આવે છે. આ યોજના હેઠળ પાકની કાપણી પછીની જરૂરી માળખાકીય સુવિધાઓ અને ઉત્પાદનનાં યોગ્ય અને ઉત્તમ ભાવો મેળવવા માટેનાં બજાર માટે પણ વિચારણા કરવામાં આવેલ છે.

સંકલિત બાગાયત વિકાસ મિશન હેઠળ કાર્યરત રાષ્ટ્રીય બાગાયત મિશન/ઉત્તર-પૂર્વીય અને હિમાલયનાં રાજ્યોની બાગાયત પાક મિશન જુદાં-જુદાં કાર્યરત યોજનાઓ હેઠળ ૪ હેક્ટર વિસ્તારની મર્યાદામાં ખેડૂતોને સબસીડી સ્વરૂપે સહાય આપે છે. આ યોજનાનો લાભ નાનાં અને સીમાંત ખેડૂતો માટે પણ આર્થિક ધોરણોને આધારે આપવામાં આવે છે. બાગાયત સંકલિત મિશન હેઠળ એફપીઓ(FPO) પણ નાણાંકીય સહાય આપવા માટે સક્ષમતા ધરાવે છે.

નાનાં અને સીમાંત ખેડૂતોનાં આર્થિક ઉત્થાન માટે ઉંચા દરે સહાય કે મદદ ખાસ કરીને ખુલ્લાં ખેતરમાં ફૂલોની ખેતી કરતાં હોય અને બાગાયતનું યાંત્રિકરણ કરતાં હોય તેવા ચોક્કસ ઘટકોને પણ આ મિશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

૬) સરકારે ખેડૂતો માટે બજારની સુવિધાઓને વધારવા માટે અનેક પગલાંઓ લીધા છે. જેમાં ખાનગીક્ષેત્રની ભાગીદારી સાથે વૈકલ્પિક બજાર ચેનલોનો વિકાસ કરવાનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત, નાણાંકીય વ્યવહારોમાં પારદર્શકતા લાવવા, ઉંચી કિંમતોનું બજાર મેળવવાં અને મોટી સંખ્યામાં ખેડૂતો અને વેપારીઓ બજારો સુધી પહોચી શકે તે માટે સરકારે એક નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ યોજના (E-NAM) તા.૧૪-૦૪-૨૦૧૬ નાં રોજ શરૂ કરી છે. આ યોજનાનો ઉદ્દેશ ઓનલાઈન કૃષિ પેદાશોના વેપાર માટે એક એકીકૃત કૃષિ બજાર પોર્ટલ/પ્લેટફોર્મ પૂરુ પાડવાનું છે. આ યોજનાથી હરીફાઈ સાથે ઓનલાઈન ભાવોની બોલીમાં પારદર્શકતા અને શુધ્ધ બજાર વ્યવહારોમાં વધારો કરે છે. આ યોજનાનાં કેન્દ્ર સ્થાને ખેડૂત છે તેથી તેમના ઉત્પાદનોના યોગ્ય ભાવ મેળવવામાં મદદ કરે છે. આ માટે બધા સહભાગીદારોની ક્ષમતામાં વધારો અને જાગૃતિ અભિયાન નિયમિત રીતે કરવામાં આવે છે. અત્યાર સુધી ૧૦ રાજ્યોનાં ૨૫૦ બજારો - યોજના સાથે સાંકળી લેવામાં આવ્યાં છે.

DOI : January- 05, 2017

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

મોકલનારઃ
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Acknowledged the information used/taken from the public domain

Lajja : 02692-233864